## ૭૦ મીટર દૂરથી આરએફઆઈડી ટોલ પ્લાઝા પર કાર્યરત થાય છે

# ફાસ્ટેગ મેળવવા ધસારો : NHAIનું સર્વર હેન્ગ થતાં વાહનચાલકો હેરાન

### મહિના સુધી ટોલ પ્લાઝા ઉપર ચાલતી પરંપરાગત પદ્ધતિ પણ ચાલુ રાખવાની માંગ

। વડોદરા ।

૧ લી ડિસેમ્બરથી તમામ નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા ખાતે ફાસ્ટેગ ફરજિયાત બનાવાયા છે, ત્યારે વાહનચાલકોએ ફાસ્ટેગ ખરીદવા માટે દોડધામ શરૂ કરી છે. દેશમાં એક સાથે લાખો લોકો છેલ્લી ઘડીએ ઓનલાઈન એપ્લીકેશન કરી રહ્યા છે ત્યારે આજે સર્વર હેન્ગ થઈ ગયું હતું, જેના પગલે વાહન માલિકોને ભારે મુશ્કેલી પડી હતી.નેશનલ હાઈવે ઓથોરિટીએ એવી પણ જાહેરાત કરી છેકે, ૧લીથી જે વાહનો ઉપર ફાસ્ટેગ નહિ હોય તે વાહનો પાસેથી બમણો ટોલ વસૂલવામાં આવી શકે છે. એક એવી પણ માગણી ઉઠી કે, ૧લીથી આગામી એક મહિના સુધી ફાસ્ટેગ અને હાલનીપધ્ધતિ ચાલુ રાખી બમણી ફી ન વસૂલવી જોઈએ.

શહેરના વાહનચાલકોની માગણી છેકે, હાલમાં લગ્નસરાની સિઝન વખતે જ આ નવી ફાસ્ટેગ પધ્ધતિના અમલની જાહેરાત થઈ છે ત્યારે ઘણા કાર ધરાવનારાઓ પ્રસંગ વખતે જ અન્ય શહેરોમાં જતાં હોય તેમને મુશ્કેલી પડી શકે છે. કાયમી ટોલ પ્લાઝા પરથી પસાર થનારાઓ કરતાં પ્રસંગોપાત જનારાઓની સંખ્યા વધુ હોય છે ત્યારે આ જરૂરી છે. આરએફઆઈડી ( રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફિકેશન ટેકનોલોજી) આધારિત આ સિસ્ટમના પગલે ૭૦ મીટર દૂરથી જ ટોલ પ્લાઝા ખાતે ફાસ્ટેગ સ્ટીકર ધરાવતા વાહનની જાણ થાય છે. જેના પગલે ફાસ્ટેગ લેન પર વાહનને પ્રવેશ માટે ગ્રીન સિગ્નલ થાય છે.

વાહન ચાલકોએ પણ તેમના વાહનની જાણ ૭૦ મીટર દૂરથી ટોલ પ્લાઝા પર થતી હોય છે ત્યારે યોગ્ય ફાસ્ટેગ સાઈન ધરાવતી લેન પર જ વાહનનો પ્રવેશ થાય છે તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે.

આ વાહનની ઝડપ પણ કલાકના ૨૫ - ૩૦ કિમીની જ રાખવી જરૂરી છે. અને હાલમાં જે રીતે ટોલ પ્લાઝા પર એક વાહનની બીલકુલ પાછળ જ બીજુ વાહન હોય છે તેના બદલે ઓછામાં ઓછું ૧૦ મીટરનું અંતર બીજા વાહનથી રાખવું જરૂરી છે.

સંદેશ
TUE,26 NOVEMBER 2019
AHMEDABAD